*If you want to fly, We provide wings...*

ICE®

# TRENDING CURRENT

TOPIC 70

## હિંદ મહાસાગર આયોગ

INDIAN OCEAN COMMISSION

- ચર્ચામાં શા માટે ?
- હિંદ મહાસાગર આયોગ વિશે :
- ભારતની ભૂમિકા વિશે :-

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

TOPIC-70નો
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો


અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in | t.me/icerajkotofficial | 9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં 'હિંદ મહાસાગર આયોગ' (Indain Ocean Commision-IOC) માં ભારતને નિરીક્ષક તરીકે સામેલ કરવામાં આવ્યું છે.
- IOC દ્વારા આયોગની 34મી મંત્રીપરિષદ બેઠકમાં નિરીક્ષકનો દરજ્જો આપવામાં આવ્યો છે.
- IOC દેશો મુખ્યત્વે : 'પશ્ચિમ હિંદ મહાસાગર' (Western Indian Ocean - WIO) ક્ષેત્રમાં સ્થિત છે.

## હિંદ મહાસાગર આયોગ વિશે :

- હિંદ મહાસાગર આયોગ (IOC)એ એક આંતર-સરકારી સંસ્થા છે. જે 'દક્ષિણ-પશ્ચિમ હિંદ મહાસાગર' ક્ષેત્રમાં સમુદ્રી શાસન (Maritime Governance) માટે કાર્ય કરે છે. તથા આ આયોગ પશ્ચિમ હિંદ મહાસાગરના ટાપુ રાજ્યોને સામૂહિક રીતે કામ કરવા માટે એક મંચ આપે છે.
- IOCની સ્થાપના વર્ષ 1982માં થઈ હતી અને તેનું મુખ્ય મથક એબેને (Ebene) મોરેશિયસમાં છે.
- વર્તમાન હિંદ મહાસાગર આયોગમાં પાંચ દેશો, કોમોરોઝ, મેડાગાસ્કર, મોરિશિયસ, રિયુનિયન (ફ્રાન્સના નિયંત્રણ હેઠળ) અને સેશલ્સ સામેલ છે.
- હાલમાં ભારત સિવાય આ આયોગના ચાર નિરીક્ષક દેશો છે. જેમા ચીન, યુરોપિયન યુનિયન, માલ્ટા અને આંતરરાષ્ટ્રીય સંગઠન લા ફ્રાન્સફોની (International Organization of LA Francophonie)નો સમાવેશ થાય છે.
- IOCની એક પહેલ અંતર્ગત MASE (મેસ) કાર્યક્રમ વર્ષ 2013માં યુરોપિયન યુનિયન દ્વારા ભંડોળ પૂરું પાડવા માટે પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેનો મુખ્ય ઉદ્દેશ્ય દક્ષિણપૂર્વ આફ્રિકા અને હિંદ મહાસાગરમાં દરિયાઈ સુરક્ષાને પ્રોત્સાહન આપવાનો હતો.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- MASE કાર્યક્રમ અંતર્ગત IOCએ બે પ્રાદેશિક કેન્દ્રો સાથે પશ્ચિમ હિંદ મહાસાગર પર દેખરેખ રાખવા અને નિયંત્રિત કરવા માટે એક તંત્રની સ્થાપના કરી છે.

## ભારતની ભૂમિકા વિશે :-

- IOC દરિયાઈ સલામતી માટે મજબૂત રીતે કાર્ય કરી રહ્યું છે. પરંતુ તેને મજબૂત પ્રાદેશિકના નેતૃત્વની જરૂર છે. ભારતે એક મજબૂત નિરીક્ષકના રૂપમાં IOCમાં સામેલ થઈને આ સંગઠન તરફ તેમનો રસ દર્શાવ્યો છે.
- ભારત પશ્ચિમ હિંદ મહાસાગરના દરિયાઈ દેશોની દરિયાઈ ક્ષમતાના નિર્માણમાં મદદ કરી શકે છે.
- પશ્ચિમ હિંદ મહાસાગર ક્ષેત્રના દેશોની 'વિશિષ્ટ આર્થિક ક્ષેત્ર' (Exclusive Economic Zone) વિસ્તારમાં પેટ્રોલિંગ કરવાની ક્ષમતા વિકસાવવામાં ભારત મદદ કરી શકે છે.
- ભારત અને હિંદ મહાસાગરના દરિયાઈ કાંઠાના દેશો વચ્ચેના સંબંધો દરિયાઈ સલામતિના આધારે નિર્ધારિત છે. આથી IOC ભારત માટે મહત્ત્વપૂર્ણ બની રહેશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT